Extra No. 158

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JULY 6, 2026 / ASHADHA 15, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૨જી જૂન, ૨૦૨૬.ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીજી/૫૮/૨૦૨૬/એચડી/એમકેએમ/ઈ-ફાઈલ/૮/૨૦૨૩/૩૮૯૨/ઈ૧.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

Amendment to the Jamadar, Class III, in the subordinate service of Directorate of Prohibition and Excise, Departmental Examination Rules, 2025

નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં, જમાદાર, વર્ગ ૩, ખાતાકીય પરીક્ષા નિયમો, ૨૦૨૫ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જૂન, ૨૦૨૬

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીજી/૫૮/૨૦૨૬/એચડી/એમકેએમ/ઈ-ફાઈલ/૮/૨૦૨૩/૩૮૯૨/ઈ૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં, જમાદાર, વર્ગ ૩, ખાતાકીય પરીક્ષા નિયમો, ૨૦૨૫ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં, જમાદાર, વર્ગ ૩, ખાતાકીય પરીક્ષા (સુધારા) નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. નશાબંધી અને આબકારી નિયામકની કચેરીની તાબાની સેવામાં, જમાદાર, વર્ગ ૩, ખાતાકીય પરીક્ષા નિયમો, ૨૦૨૫ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, ખંડ (ખ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(ખક) 'મંડળ' એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં,-

(૧) પેટા-નિયમ (૧) અને પેટા-નિયમ (૭)માં, "નિયામકે" એ શબ્દને બદલે, "મંડળે" એ શબ્દ મૂકવો;

(૨) પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૨) મંડળે નિયત કરેલી કામચલાઉ તારીખથી ઓછામાં ઓછા નેવું દિવસ પહેલાં, મંડળે પરીક્ષાના સંભવિત કાર્યક્રમની જાણ નિયામકને કરવી જોઈશે.".

(૩) પેટા-નિયમ (૮)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૮) પરીક્ષા યોજવા માટેના સ્થળ, તારીખ અને સમયની જાણ, મંડળ દ્વારા કરવામાં આવશે અને નિયામક દ્વારા તેની જાણ ઉમેદવારોને કરવામાં આવશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"૧૦. પરીક્ષાનું પરિણામ.- મંડળે પરીક્ષાનું પરિણામ તેની સત્તાવાર વેબ-સાઈટ પર પ્રસિદ્ધ કરવું જોઈશે અને તે નિયામકને અને સંબંધિત કચેરીઓના વડાને મોકલવું જોઈશે. સંબંધિત કચેરીના વડાએ, ઉમેદવારોને પરિણામની જાણ કરવી જોઈશે.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અનિલ ચૌધરી,

સરકારના ઉપસચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.22 21:41:11 IST